અપીલ અરજી નં.૧૨૮/૦૮–૦૯ તા. ૧૮–૮–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨–૭–૦૮ ની અરજીથી વોર્ડ વિસ્તારમાં ડોર ટુ ડોરકલેકશનની ગાડીઓની ચકાસણી કરવામાં આવેલ છે અને આપના જણાવ્યા મુજબ ગાડીઓની પાછળ આવા અલગથી પ્લાસ્ટીકના થેલાઓ લટકાવતા હોવાનું ધ્યાનમાં આવેલ નથી તેવું આઈડી નં.૨૩૨ તા.૭–૬–૦૮ ની માહિતીમાં જણાવેલ તે બાબતે કયા કયા અધિકારીએ મે માંગેલ માહિતી બાબતે તપાસ કરી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહી છે તે બાબતની માહિતી તેમજ તપાસ નકલ ફાળવવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૮–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૨૮/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨–૭–૦૮ ની અરજીથી વોર્ડ વિસ્તારમાં ડોર ટુ ડોરકલેકશનની ગાડીઓની ચકાસણી કરવામાં આવેલ છે અને આપના જણાવ્યા મુજબ ગાડીઓની પાછળ આવા અલગથી પ્લાસ્ટીકના થેલાઓ લટકાવતા હોવાનું ધ્યાનમાં આવેલ નથી તેવું આઈડી નં.૨૩૨ તા.૭–૬–૦૮ ની માહિતીમાં જણાવેલ તે બાબતે કયા કયા અધિકારીએ મે માંગેલ માહિતી બાબતે તપાસ કરી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહી છે તે બાબતની માહિતી તેમજ તપાસ નકલ ફાળવવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૫૨૪ તા.૭–૮–૦૮ થી આપેલ માહિતી ખાલી વોર્ડ પુરતી જ આપી હોય માહિતી ખોટી અને અધુરી હોવાનું જણાવી. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૯ તા.૨૫–૮–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આરટીઆઈ /સે.ઝોન/આ.નં.૬૬૧ તા.૬–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૭–૬–૦૮ ની આરટીઆઈ એકટ હેઠળની અરજી સબંધે આપેલ જવાબ આરટીઆઈ/ સે.ઝોન/આ.નં.૩૩૨ તા.૨૫–૬–૦૮ થી "વોર્ડ વિસ્તારમાં ડોર ટુ ડોર કલેકશનની ગાડીઓની ચકાસણી કરવામાં આવેલ છે. અને આપના જણાવ્યા મુજબ ગાડીઓની પાછળ આવા અલગથી પ્લાસ્ટીકના થેલાઓ લટકાવતાં હોવાનું ધ્યાને આવેલ નથી." તેવા જવાબ સંદર્ભે તા.૨–૭–૦૮ ના રોજ આરટીઆઈ એકટ હેઠળ કરેલ અરજીમાં કયા કયા અધિકારીઓએ મે માંગેલી માહિતી બાબતે તપાસ કરી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી અને તપાસની નકલની માંગણી કરેલ છે. જેના અનુસંધાને અરજદારને આરટીઆઈ/સે.ઝોન/૪૪૭ તા.૨૨–૭–૦૮ માહિતી મેળવી લેવા જણાવેલ. જે તા.૧૧–૪–૦૮,તા.૧૨–૫–૦૮,તા.૧૭–૭–૦૮,તા.૧૯–૭–૦૮ તપાસ રીપોર્ટ થયેલ જેની માહિતી આરટીઆઈ/સે.ઝોન/૫૨૪ તા.૭–૮–૦૮ થી પૂરી પાડવામાં આવેલ પત્રની નકલ રજુ કરેલ છે. તેમજ અરજદારની સદર અરજી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૩૬૭ તા.૪–૭–૦૮ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરશ્રીને અરજી તબદીલ કરેલ છે. જે અંગે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવી અરજદારે માંગેલ માહિતી સે.ઝોન આરોગ્ય વિભાગગ ધ્વારા આપવાની રહે છે તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં ફરીયાદ અંગે ફોટોગ્રાફના પુરાવા રજુ કરેલ છે. તથા વોર્ડની પરંતુ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં ડોર ટુ ડોર કચરો ઉઘરાવનાર કોન્ટ્રાકટના માણસોની ગેરરીતીની રજુઆત કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ/સે.ઝોન/આ.નં.૫૨૪ તા.૭–૮–૦૮થી આરોગ્ય વિભાગના ખાતાકીય અધિકારીઓએ કરેલ તપાસની વિગત તથા કરેલ તપાસ અધિકારીઓના હોદ્દાઓ સહિત થયેલ કાર્યવાહીનીની જાણ નકલો પૂરી પાડીને કરેલ છે. આમ અરજદારને માંગ્યા મુજબની માહિતી પૂરી પડાયેલ છે. આથી માહિતી બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. પરંતુ અરજદાર મુળ અરજીથી સુમનપા તમામ ઝોનમાં ડોર ટુ ડોર કચરો ઉઘરાવવા અંગેની ફરીયાદોના નિકાલ બાબતે સક્ષમ સત્તાધિકારીનો સંપર્ક કરવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,